# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-04-2025** **Midday : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BANASKANTHA AAG

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં ફટાકડાના ગોડાઉનમાં આગ લાગતાં ઓછામાં ઓછા દસ શ્રમિકોના મોતની આશંકા છે. બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે શ્રમિકો ફટાકડા બનાવી રહ્યા હતા ત્યારે અચાનક વિસ્ફોટ થયો હતો. ઘટનાની જાણ થતાં અગ્નિશમન દળના જવાનોએ આગને કાબૂમાં લેવાના પ્રયાસો કર્યા હતા. ઘટના અંગે ડીસાના ધારાસભ્ય પ્રવીણ માળીએ વધુ માહિતી આપી.

**(બાઈટ: પ્રવીણ માળી, ધારાસભ્ય )**

ગાંધીનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે ઘટનાની માહિતી મળતા ઉદ્યોગ મંત્રી બળવંત સિંહ રાજપૂત ડીસા જવા રવાના થયા છે. શ્રી રાજપુતે જણાવ્યું હતું કે, આગમાં 10થી વધુ શ્રમિકો દટાયા હોવાની આશંકા છે. તેમણે જણાવ્યું કે, દુર્ઘટના માટે દોષિતો સામે સરકાર કડક કાર્યવાહી કરશે

કલેકટર અને જિલ્લા પોલીસ રાહત અને બચાવની કામગીરી કરી રહી છે.

# Rain. Weather change

હવામાન વિભાગે કેટલાંક સ્થળોએ કમોસમી વરસાદની આગાહી કરી છે ત્યારે રાજ્યમાં કેટલાંક સ્થળોએ આજે સવારથી હવામાનમાં પલ્ટો આવતા ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

ડાંગ જિલ્લાના અમારા પ્રતિનિધિ મુનીરા શેખ જણાવે છે કે, જિલ્લામાં અચાનક વાતાવરણમાં પલટો આવતા  શીત લહેર વ્યાપી ગઇ છે. ડાંગ જિલ્લામાં ખેડૂતોએ તેમનાં ખેતરોમાં તેમજ આંબાવાડીમાં નાની કેરીઓ વાવી હોવાથી તે ખરી પડવાની સંભાવના વરતાઈ રહી છે. ગિરિમથક  સાપુતારાનું વાતાવરણ અત્યંત ખુશનુમા બનતાં પર્યટકોમાં ખુશી જોવા મળી રહી છે.

તાપી જિલ્લાના અમારા પ્રતિનિધી નિરવ કંસારા જણાવે છે કે, સમગ્ર જિલ્લામાં સવારથી વાદળછાયું વાતાવરણ છે. વ્યારા, વાલોડ ડોલવણ અને સોનગઢ તાલુકામાં સવારથી વાદળછાયું વાતાવરણ છે.

મહીસાગર જીલ્લાના  અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, લુણાવાડા તેમજ જિલ્લાના અન્ય તાલુકાઓમાં વાતાવરણમાં આવેલા પલટાથી ધરતીપુત્રો ચિંતિત. થયા છે.  હવામાન બદલાવાથી  ઊભા પાકમાં જીવાત પડવાની ભીતિથી ખેડૂતોની ચિંતા વધી છે.

છોટાઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, હાલ ઘઉં, મકાઈ તુવેરની લણણીના  સમયે કમોસમી વરસાદ થાય તો ખેડૂતોને ભારે નુકસાન જવાની ભીતિ છે.

# GANDHINAGAR STRIKE

પોલીસે આજે ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા વ્યાયામ શિક્ષકોની અટકાયત કરી છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે પડતર પ્રશ્નો અને કાયમી શિક્ષકોની ભરતીની માંગ સાથે વ્યાયામ શિક્ષકો હડતાળ પર ઉતર્યાં હતા. આ માટે તેમણે કોઈ પણ પ્રકારની મંજૂરી ન લીધી હોવાથી પોલીસે તેમની અટકાયત કરી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# vadnagar museum international conference

મહેસાણા જિલ્લાની એતિહાસિક નગરી વડનગરમાં આર્કિયોલોજીકલ મ્યુઝીયમ ખાતે 5 મી અને 6ઠ્ઠી એપ્રિલે આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરિષદમાં ભારતીય દરિયાઈ સફરનાં સમૃદ્ધ વારસાને પ્રદર્શિત કરવામાં આવશે.

આ પરિષદમાં વિવિધ દેશોના 22 પ્રોફેસરો અને સમુદ્રી નિષ્ણાતો ભાગ લેશે. દર્શક ઇતિહાસ નિધિના સેક્રેટરી ડોક્ટર સુજાતા શાહે જણાવ્યું હતું કે આ પરિષદ માં ભારતીય મહાસાગરના વિશાલ વ્યાપરિક વિસ્તરણમાં ભૂમિકા ભજવનાર જહાજ નિર્માણ અને નાવ ગતિની પ્રાચીન ભારતીય સમુદ્રી પરંપરાઓ પર ચર્ચા થશે.

પરિષદમાં અરબી સમુદ્રથી ચીની સમુદ્ર સુધીનાં એતિહાસિક વેપાર પર પણ નિષ્ણાતો તેમના મંતવ્ય રજૂ કરશે.

# NARMADA PARIKRAMA

ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમામાં શ્રદ્ધાળુઓ માટે દરેક ઘાટ પર સાત જેટલા આરોગ્ય સ્ટૉલ બનાવાયા છે. નર્મદા પરિક્રમામાં રણછોડરાયના મંદિર પાસે શરૂ કરાયેલા આરોગ્ય સ્ટૉલમાં હાજર ડૉ. પ્રવિણ વસાવાએ જણાવ્યું કે, રણછોડરાય મંદિરથી લઈ શહેરાવ ઘાટ સુધી આ વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં આરોગ્ય કર્મચારીઓ 24 કલાક પરિક્રમાવાસીઓ માટે ખડેપગે રહેશે.

તંત્ર દ્વારા સુરક્ષા, આરોગ્ય, પીવાનું પાણી, નાવડીમાં મુસાફરી કરતી વખતે કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ- SDRFની ટીમ પણ કાર્યરત્ કરવામાં આવી છે.

# MehSana hospital quality certificate

મહેસાણામાં આવેલી જનરલ હોસ્પિટલને ભારત સરકારના લક્ષ્ય કાર્યક્રમ હેઠળ ગુણવત્તાનું પ્રમાણપત્ર જાહેર કરવામાં આવ્યું છે.

સ્થાનિક તેમજ રાજ્યકક્ષાએ પૃથક્કરણ થયા બાદ રાષ્ટ્રીય કક્ષાની ટીમ દ્વારા લેબર રૂમ વિભાગને 85 ટકા જ્યારે મેટરનીટી ઓટીને 91 ટકા અંક પ્રાપ્ત થતા પ્રમાણપત્ર જાહેર કરાયું છે.

જિલ્લા તબીબી અધિકારી ડોક્ટર ગોપી પટેલે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે જાહેર આરોગ્ય સુવિધાઓમાં પ્રસુતિ પછીના સમયગાળા દરમિયાન અને તાત્કાલિક પ્રસુતિ પછીના સમયગાળા દરમિયાન સંભાળની ગુણવત્તા સુધારવા માટે લક્ષ્ય કાર્યક્રમ શરૂ કર્યો છે.